પોલીસ કમિશ્નરશ્રીની કચેરી, રાજકોટ શહેર

ખાસ શાખા, ફોન નં.૦૨૮૧-૨૪૪૧૦૭૬

E mail ID: spl-cp-raj@gujarat.gov.in


**❖❖❖❖સભા સરઘસ જાહેરનામું❖❖❖❖**

COMMISSIONER OF POLICE SPL.BR. RAJKOT CITY

**❖❖❖ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા(BNSS) - ૨૦૨૩ ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૩૭(૩) અન્વયે કાઢેલ હુકમ❖❖❖❖**

ક્રમાંક: એસ.બી./જાહેરનામું/ ૬૫૯૭ /૨૦૨૫

તા.૨૨/૦૪/૨૦૨૫

રાજકોટ શહેરમાં આગામી દિવસોમાં જુદી-જુદી ધાર્મીક શોભાયાત્રાઓ તથા ધાર્મિક તહેવારો તેમજ રેલીઓ/ધરણાના
કાર્યક્રમો યોજવામાં આવતાં હોય તેમજ આંતકવાદી ગતિવિધી / પ્રવૃતિને લક્ષમાં લેતા કોઇપણ પ્રકારની સુલેહ શાંતિનો ભંગ
ન થાય, જાહેર સલામતી તથા કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તે માટે ચાર કરતા વધારે માણસોના ભેગા થવા ઉપર, કોઇ
સભા બોલાવવા, સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ મુકવાની જરૂર જણાય છે.

વાસ્તે, હું બ્રજેશ કુમાર ઝા, આઇ.પી.એસ. પોલીસ કમિશ્નર, રાજકોટ શહેર, રાજકોટ ભારતીય નાગરીક સુરક્ષા
સંહિતા(BNSS) - ૨૦૨૩ ની કલમ-૧૬૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમ -૧૯૫૧ ની કલમ ૩૭(૩) મુજબ મને મળેલ
સત્તાની રૂએ રાજકોટ શહેરમાં પોલીસ હેડ કોન્સટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના તમામ અધિકારીશ્રીઓને આ
જાહેરનામાનો ભંગ કરનાર વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા(BNS)-૨૦૨૩ ની કલમ ૨૨૩ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબ
ફરીયાદ માટે અધિકૃત કરુ છુ. તેમજ નીચે જણાવેલ વિસ્તાંરમાં નીચેના કુત્યો કરવા પર પ્રતિબંધ ફરમાવું છુ.

**❖❖❖❖પ્રતિબંધીત કૃત્યો❖❖❖❖**

પરવાનગી વગર જાહેર જગ્યા/રોડ ઉપર સામાન્ય સંજોગો સિવાય ચાર કરતા વધારે માણસોને કોઇ સભા
બોલાવવા કે ભરવા ઉપર અને કોઇ પણ જાતની સભા કે સરઘસ કાઢવા ઉપર પ્રતિબંધ.

**❖❖❖❖અમલવારીના સમય તથા વિસ્તાર❖❖❖❖**

આ હુકમનો અમલ તા.૦૧/૦૫/૨૦૨૫ ના કલાક ૦૦/૦૦ થી તા.૩૦/૦૬/૨૦૨૫ ના કલાક ૨૪/૦૦ સુધી પોલીસ
કમિશ્નરશ્રી, રાજકોટ શહેરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**❖❖❖❖સભા, સરઘસ, રેલી, ધરણાની મંજુરી અંગેની શરતો❖❖❖❖**

૧. સભા, સરઘસ, રેલી, ધરણાની મંજુરી અંગે અરજદારે એકથી વધારે પોલીસ સ્ટેશનનો વિસ્તાર આવતો હોય તો તેવા સંજોગોમાં જે તે ડી.સી.પી.શ્રીને અરજી કરવી પરંતુ એક જ પો.સ્ટે વિસ્તાર આવતો હોય તો તેવા સંજોગોમાં જે તે પો.સ્ટે.ના પો.ઇન્સ.શ્રીને દિન-૭ પહેલા અરજી કરી પુર્વ મંજુરી મેળવી લેવાની રહેશે અને આપેલ શરતોનો ચુસ્તપણે બીનચુક અમલ કરવાનો રહેશે અને શરતોનો ભંગ થયે પરવાનગી રદ બાતલ થયેલ ગણાશે.

૨. સભા, સરઘસ, રેલી, ધરણા દરમ્યાનમાં ઉપરોકત શરતોનો ભંગ કરે અથવા કોઇ અનિચ્છનીય બનાવ બને તો તેની જવાબદારી પરવાનેદારની રહેશે.

૩. સભા, સરઘસ, રેલી, ધરણા દરમ્યાન જાહેર જગ્યામાં અથવા જાહેરમાં સાંભળી શકાય તેવી જગ્યામાં માઇક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ અધિકૃત કરેલ અધિકારીની લેખીત પરવાનગી સિવાય કરી શકાશે નહી. તેમજ અવાજનું પ્રદુષણ ફેલાવી શકાશે નહી.

૪. આવી પરવાનગી માટેની અરજી લેખીત હોવી જોઇએ, અને તેનો ઉપયોગ કરનાર વ્યકિતની તેના ઉપર સહી હોવી જોઇએ.

૫. સભા, સરઘસ, રેલી, ધરણા દરમ્યાન માઇક સીસ્ટમ/વાજીંત્રનો ઉપયોગ ઉપરોકત અવાજની માત્રા દર્શાવતા શીડયુલ પ્રમાણે સવાર કલાક ૦૬/૦૦ થી રાત્રી કલાક ૨૨/૦૦ સુધી જ રહેશે.

નોંધઃ કોઇ ઓડીટોરીયમ, કોન્ફન્સ હોલ, કોમ્યુનીટી હોલ, કે ખાનગી મકાન જેવા બંધ સ્થળોએ ધાર્મિક/સામાજીક કે અન્ય કોઇ પણ પ્રકારની સભા કે કોઇ કાર્યક્રમ કરવા અંગે કોઇ મંજુરી લેવાની જરૂરીયાત રહેતી નથી તેમજ મ્યુઝીક સીસ્ટમ અંદરના ભાગે વગાડવા ઉપર કોઇ પ્રતિબંધ નથી. પરંતુ તેનો અવાજ જે તે સ્થળથી બહાર જવો જોઇએ નહી.

૬. સભા, સરઘસ, રેલી, ધરણાની મંજુરી દરમ્યાન માઇક સીસ્ટમ વાજીંત્રનો પરવાનો ધરાવનાર વ્યકિત આસપાસના રહેવાસીઓ અથવા રાહદારીઓને અડચણ, હરકત, અગવડ, જોખમ, ભય અથવા નુકશાન અટકાવવા માટે પોલીસ કમિશ્નર અથવા તેઓના તરફથી અધિકૃત કરેલ કોઇપણ અધિકારી તેને યોગ્ય લાગે તેટલી મુદત માટે કોઇપણ જગ્યાએ પરવાનો ધરાવનારને માઇક સીસ્ટમ/વાજીંત્ર વાપરવાની મનાઇ કરવાનો હુકમ કરી શકશે.

૭. ફરજ પરના પોલીસ અધિકારી દ્વારા ઉપર જણાવેલ નિયમો તથા પરવાનગી પત્રમાં દર્શાવેલ વિસ્તાર અને સમય અંગે કોઇ ભંગ કરે તો વાહન તથા માઇક સીસ્ટમ/વાજીંત્ર અને તેના ઉપકરણો જપ્ત કરી કાયદેસર કરી શકશે.

*******અપવાદ*******

આ જાહેરનામું સરકારી ફરજ અથવા કામગીરીમાં હોય તેવી વ્યકિતઓ તથા હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધસરકારી એજન્સીઓ જેઓ કાયદેસરની ફરજ પર હોય તેઓને તથા સ્મશાન યાત્રા અને લગ્નનાં વરઘોડાને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનારને ભારતીય ન્યાય સંહિતા(BNS)-૨૦૨૩ ની કલમ ૨૨૩ મુજબ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૩) મુજબ શિક્ષાને પાત્ર છે.

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની તમામને વ્યકિતગત રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોય, જેથી જાહેર જનતાની જાણ સારૂ વિસ્તારમાં સહેલાઇથી દેખી શકાય તેવી જાહેર જગ્યાઓએ તેની નકલો ચોટાડીને, લાઉડ સ્પીકર વાહન દ્વારા, સ્થાનીક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર પરથી પ્રસિધ્ધી કરાવવી તથા તમામ પોલીસ સ્ટેશનના પો.ઇન્સ.શ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરી ખાતે નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોટાડી પ્રસિધ્ધી કરવી.

આજ રોજ તારીખઃ- ૨૨ /૦૪/૨૦૨૫ ના રોજ મારી સહી અને સિકકો કરી આપેલ છે.

COMMISSIONER OF POLICE SPL.BR. RAJKOT CITY

(બ્રજેશ કુમાર ઝા)
પોલીસ કમિશ્નર
રાજકોટ શહેર, રાજકોટ

નકલ સવિનય રવાનાઃ-

(૦૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૦૨) પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ. રા. ગાંધીનગર
(૦૩) અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી, (ઈન્ટે.) ગુ.રા.,ગાંધીનગર.
(૦૪) પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર, વડોદરા શહેર, સુરત શહેર.
(૦૫) કલેકટરશ્રી, રાજકોટ જીલ્લા.
(૦૬) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર.
(૦૭) પોલીસ મહાનિરીક્ષકશ્રી, રાજકોટ વિભાગ, રાજકોટ
(૦૮) પોલીસ અધિક્ષકશ્રી, રાજકોટ રૂરલ, રાજકોટ
(૦૯) અધિક પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર.
(૧૦) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ઝોન-૧, ઝોન-૨, ક્રાઇમ અને ખાસ શાખા, ટ્રાફીક શાખા, રાજકોટ શહેર.
(૧૧) તમામ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, રાજકોટ શહેર
(૧૨) જીલ્લા સરકારી વકિલશ્રી, સેસન્સ કોર્ટ, રાજકોટ.
(૧૩) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ, રાજકોટ. (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ)
(૧૪) નિયામકશ્રી, માહીતી ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, બ્લોક નં.૭, ગાંધીનગર.
(૧૫) આસીસ્ટન્ટ કમિશ્નર ઓફ ઇન્ટે.(ઈન્ટે.), રાજકોટ રીજીયન, રાજકોટ.
(૧૬) નાયબ પોલીસ અધિક્ષકશ્રી,/ પો.ઈન્સ.શ્રી, રાજકોટ રેલ્વે જંકશન પો.સ્ટે.
(૧૭) તમામ પો.સ્ટે. થાણા ઈન્યાર્જશ્રીઓ, રાજકોટ શહેર
(પાંચ નકલમાં નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન ધ્વારા જાહેરાત કરાવવા સારૂ)
(૧૮) તમામ સ્કવોડ તથા શાખા ઈન્યાર્જશ્રીઓ, રાજકોટ શહેર.
(૧૯) કન્ટ્રોલ ઈન્યાર્જશ્રી, રાજકોટ શહેર (તમામ વર્તમાન પત્રોને તથ ન્યુઝ ચેનલને આપવા સારૂ)
(૨૦) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.
(૨૧) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, રાજકોટ.
(૨૨) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, રાજકોટ.
(૨૩) પો.ઇન્સ.શ્રી, કોમ્પ્યુટર શાખા, રાજકોટ શહેર પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P. Rajkot website) ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.
(૨૪) એ.સી.પી.શ્રી, સાયબર ક્રાઇમ (રાજકોટ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ.)
(૨૫) સયુંકત માહીતી નિયામકશ્રી, રાજકોટ.
(સ્થાનીક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા અને વર્તમાનપત્રોની કાપલીઓ મોકલવા સારૂ)